### કોંગ્રેસે પાણી-વીજળીની કટોકટી અને દુષ્કાળના મુદ્દે સરકારને ઘેરી

# વહેલી ચૂંટણીના તુષાર ચૌધરીના દાવાથી ગુજરાતનું રાજકારણ ગરમાયું

**જાન્યુઆરીથી** માર્ચ-૨૦૨૭માં ચૂંટણી યોજવાની આશંકા વ્યક્ત કરી

**ભાજપનો** વળતો પ્રહાર, 'ચૂંટણી વહેલી થાય કે સમયસર, સરકાર તો અમારી જ બનશે'

ગાંધીનગર: ગુજરાતમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો અત્યારથી જ તેજ બન્યો છે. મોરબીમાં યોજાયેલી 'ખેડૂત આક્રોશ મહાસભા'માં વિપક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ રાજ્યમાં નિયત સમય કરતાં વહેલી ચૂંટણી યોજાવાની શક્યતા વ્યક્ત કરતાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપનો નવો મોરચો ખૂલ્યો છે.

સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં ઓછા વરસાદને પગલે પાણી અને વીજળીની કટોકટી સર્જાવાની આશંકા, ખેડૂતોના પ્રશ્નો અને દુષ્કાળ જાહેર કરવાની માગ વચ્ચે કોંગ્રેસે સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો છે. બીજી તરફ, ભાજપના પ્રવક્તા ડૉ. અનિલ પટેલે કોંગ્રેસના દાવાને ફગાવીને 'ચૂંટણી વહેલી થાય કે સમયસર, ગુજરાતમાં ભાજપની જ સરકાર બનવાની છે' એવો વળતો પડકાર ફેંક્યો છે.

ડૉ. તુષાર ચૌધરીએ આક્ષેપ કર્યો હતો કે રાજ્ય સરકાર આગામી ઉનાળામાં પાણીની તંગી અને જનઆક્રોશ વધે તે પહેલાં જ ચૂંટણી યોજીને મતદારોનો વિશ્વાસ મેળવવા માગે છે. તેમના દાવા પ્રમાણે, જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૭ દરમિયાન વહેલી ચૂંટણી યોજવાની દાનત હોઈ શકે છે. જોકે, વહેલી ચૂંટણી અંગેનો આ દાવો કોંગ્રેસના નેતાનું રાજકીય અનુમાન છે; ચૂંટણી વહેલી યોજવા અંગે સરકાર કે ચૂંટણી પંચ તરફથી કોઈ સત્તાવાર જાહેરાતનો ઉલ્લેખ સામે આવ્યો નથી.

## 'દુષ્કાળ જાહેર કરવાથી બચવા સરકાર ભાગેડુ વૃત્તિ અપનાવે છે'

ખેડૂત આક્રોશ મહાસભામાં કોંગ્રેસે ઓછા વરસાદના મુદ્દે રાજ્ય સરકારને નિશાન બનાવી હતી. ડૉ. તુષાર ચૌધરીએ કહ્યું હતું કે સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં અછતની ગંભીર પરિસ્થિતિ હોવા છતાં સરકાર દુષ્કાળ જાહેર કરતી નથી. દુષ્કાળ જાહેર થાય તો ખેડૂતો અને સામાન્ય લોકોને સહાય તથા આર્થિક રાહત આપવાની જવાબદારી આવે, તેથી સરકાર આ જવાબદારીથી બચી રહી હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસે સિંચાઈ માટે પૂરતું પાણી, ખેડૂતોના પડતર પ્રશ્નોનું નિરાકરણ અને એક વર્ષના કૃષિ ધિરાણનું વ્યાજ માફ કરવાની માગ પણ ઉઠાવી હતી. આગામી એપ્રિલ-મે મહિનામાં ઉનાળાની તીવ્રતા વધતાં પાણીની સમસ્યા વધુ ગંભીર બની શકે છે અને તેના પગલે જનતામાં આક્રોશ ફાટી નીકળે તે પહેલાં સરકાર ચૂંટણી યોજવા માગે છે, એવી રાજકીય દલીલ પણ ચૌધરીએ રજૂ કરી હતી.

## 'અલ નીનોની અસર તુષારભાઈના મગજ પર પણ થઈ છે'

કોંગ્રેસના આક્ષેપોનો જવાબ આપતાં ભાજપના પ્રવક્તા ડૉ. અનિલ પટેલે આકરા શબ્દોમાં વળતો પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે તુષાર ચૌધરી વિપક્ષના નેતા છે, પરંતુ તેમનું નિવેદન તર્કવિહોણું છે. જો વહેલી ચૂંટણી થાય તો પણ ભાજપની સરકાર બનશે અને સમયસર ચૂંટણી યોજાય તો પણ ભાજપ જ સત્તામાં આવશે, એવો દાવો તેમણે કર્યો હતો. ડૉ. અનિલ પટેલે કટાક્ષ કરતાં કહ્યું હતું કે, "મને લાગે છે કે અલ નીનોની અસર દેશના હવામાન અને ગુજરાતના વાતાવરણ પર થઈ છે, પરંતુ તેની અસર તુષારભાઈ ચૌધરીના મનોમસ્તિષ્ક પર પણ થઈ છે. તેમનું મસ્તિષ્ક વિચારશૂન્ય અને તર્કશૂન્ય થઈ ગયું છે.

## 'ખેડૂતોની મુશ્કેલીમાં રાજકારણ ન કરો'

ડૉ. અનિલ પટેલે કોંગ્રેસ પર ખેડૂતોની સમસ્યાઓના નામે ભયનું વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ કરવાનો આક્ષેપ કરતાં કહ્યું હતું કે ભાજપ સરકાર ખેડૂતોની સાથે ઊભી રહી છે. દુષ્કાળ અને અતિવૃષ્ટિ જેવી પરિસ્થિતિમાં સહાયનાં પેકેજ, કિસાન સન્માન નિધિ અને વીજળી સબસિડી સહિતનાં પગલાંનો ઉલ્લેખ કરીને તેમણે સરકારને ખેડૂતો માટે કામ કરતી સરકાર ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ ખેડૂતોની મુશ્કેલીઓના નામે લોકોને ઉશ્કેરવાનું અને ભય ફેલાવવાનું બંધ કરે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર સંવેદનશીલ છે અને ખેડૂતોને જરૂર પડશે ત્યારે મદદ કરશે, એવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. આમ, ગુજરાતમાં ચૂંટણીના સમયગાળાને લઈને કોંગ્રેસના વહેલી ચૂંટણીના દાવા સામે ભાજપે ડિસેમ્બર ૨૦૨૭ના સમયપત્રકનો પુનરોચ્ચાર કર્યો છે. એક તરફ કોંગ્રેસ પાણી, વીજળી, અછત અને કૃષિ ધિરાણના મુદ્દે સરકારને ઘેરવાની તૈયારીમાં છે, તો બીજી તરફ ભાજપે પોતાના વિજયનો વિશ્વાસ વ્યક્ત કરીને રાજકીય લડાઈને વધુ આક્રમક બનાવી છે. હવે આગામી ઉનાળામાં પાણીની સ્થિતિ અને ખેડૂતોના પ્રશ્નો ગુજરાતના રાજકારણમાં કેટલા નિર્ણાયક બને છે, તેના પર સૌની નજર રહેશે.

# ગુજરાતના વીજ ગ્રાહકોને બેવડો માર સરચાર્જની સાથે બેઝ ભાવમાં પણ વધારો

**૩.૯૯%નો** વધારાનો FPPAS ચાર્જ, ગ્રાહકોને સવાલ પૂછવાનો અધિકાર છે: કોંગ્રેસ પ્રવક્તા

અમદાવાદ: ગુજરાતના વીજ ગ્રાહકો માટે ચિંતાજનક સમાચાર, જુલાઈ ૨૦૨૬થી લાગુ કરાયેલા નવા ફ્યુઅલ એન્ડ પાવર પરચેઝ એડજસ્ટમેન્ટસટ ચાર્જ (FPPAS) દર મુજબ હવે વીજળીના બિલમાં યુનિટદીઠ રૂ. ૨.૪૫નો બેઝ ચાર્જ અને તેના ઉપરાંત ૩.૯૯%નો વેરિએબલ સરચાર્જ લાગુ કરવામાં આવ્યો છે. અગાઉ એપ્રિલથી જૂન દરમિયાન બેઝ ચાર્જ રૂ. ૨.૩૦ પ્રતિ યુનિટ હતો અને વેરિએબલ સરચાર્જ શૂન્ય હતો. એટલે ગ્રાહકો પર એકસાથે બે પ્રકારનો વધારાનો બોજ આવ્યો છે. ત્યારે સતત મોંઘવારી થી પીડાઈ રહેલ જનતાને ભાજપ સરકારે ભાવ વધારાના ઝટકા આપી રહી છે.

પ્રદેશ કોંગ્રેસના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, મોંઘવારીમાં પીસાઈ રહેલી જનતા પર ૩.૯૯%નો સરચાર્જ શા માટે? વીજળીના ઉત્પાદન અને ખરીદીના ખર્ચમાં ખરેખર કેટલો વધારો થયો છે? સરકાર અને વીજ કંપનીઓ તેનો સ્પષ્ટ હિસાબ જાહેર કરશે? કોલસાથી વીજળી બને છે તો ખર્ચનો હિસાબ ક્યાં છે? કોલસા ઉપરાંત ગેસ, અન્ય વીજ સ્ત્રોતો અને વીજ ખરીદીના ખર્ચમાં થતા ફેરફારોને ધ્યાનમાં લઈને FPPAS નક્કી થાય છે. તો ગ્રાહકોને ખર્ચનો પારદર્શક હિસાબ કેમ ન આપવામાં આવે? આ વધારો સપ્ટેમ્બર મહિનાના વીજ બિલથી લાગુ થશે. જોકે, તેની ગણતરી 1 જુલાઈથી કરવામાં આવનાર હોવાથી જુલાઈ અને ઑગસ્ટ મહિનાના બિલમાં થયેલા તફાવતની રકમ પણ ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવશે. ખેતીવાડી વીજ જોડાણોને બાદ કરતાં રહેણાક મકાનો, દુકાનો, ઑફિસો અને કારખાનાઓ સહિતના વીજ ગ્રાહકોને આ વધારાની અસર થશે.

ડૉ. મનિષ દોશીએ કહ્યું હતુ કે, ઊર્જા ચાર્જ અને સરચાર્જ બંનેનો બોજ કેમ? ગ્રાહકો પાસેથી યુનિટદીઠ રૂ. ૨.૪૫નો FPPAS ચાર્જ વસૂલાતો હોય અને તેના ઉપર ૩.૯૯%નો વધારાનો ચાર્જ પણ લાગતો હોય, તો તેની ગણતરી બિલમાં સ્પષ્ટ દેખાવવી જોઈએ. ફિક્સ ચાર્જ પર પણ વધારાની અસર કેમ? લાગુ પડતા નિયમો મુજબ ૩.૯૯%ની ગણતરીમાં ઊર્જા ચાર્જ, બેઝ FPPAS અને ફિક્સ/ડિમાન્ડ ચાર્જનો સમાવેશ થાય છે. એટલે ગ્રાહકે વાપરેલી વીજળીના ખર્ચ ઉપરાંત અન્ય ચાર્જ પર પણ તેની અસર થઈ શકે છે. ગુજરાત સરકાર અને વીજ કંપનીઓએ જવાબ આપવો જોઈએ આ વધારાની ગણતરી કયા ખર્ચના આધારે થઈ?

# સ્ટારલિંકની સેવાઓ યુક્રેન માટે સંરક્ષણ બાબતનો ખતરો સાબિત થઈ



ઇન્ટરનેટ અને સોશ્યલ મીડિયા જેવાં સંવેદનશીલ ક્ષેત્રોમાં વિદેશી કંપની ઉપર નિર્ભર રહેવાનાં કેવાં માઠાં પરિણામો આવે તેનો અનુભવ યુક્રેન કરી રહ્યું છે. રશિયા સામે યુદ્ધ કરી રહેલા યુક્રેને પોતાના દેશની ઇન્ટરનેટ સેવાઓ માટે એલોન મસ્કની સ્ટારલિંકની સેવા લીધી હતી. યુક્રેનના અમેરિકા સાથે સારા સંબંધો હતા ત્યાં સુધી તો કોઈ વાંધો નહોતો, પણ રશિયા પાસેથી ડિઝલની ખરીદીના મુદ્દે અમેરિકાના યુક્રેન સાથેના સંબંધો કથળ્યા તેની સીધી અસર સ્ટારલિંક દ્વારા યુક્રેનને આપવામાં આવતી ઇન્ટરનેટ સેવાઓ પર પડ્યો હતો. અમેરિકાના ઇશારે એલોન મસ્કે યુક્રેનની ઇન્ટરનેટ સેવા એટલી ધીમી કરી દીધી કે ઇન્ટરનેટ પર નિર્ભર અનેક લશ્કરી કાર્યવાહી ખોરવાઈ ગઈ હતી. એટલે સુધી કે હવામાં ઊડતાં ડ્રોનને યોગ્ય સમયે સિગ્નલ ન મળતાં તે જમીન પર પટકાઈ ગયા હતા. કોઈ પણ દેશની ઇન્ટરનેટ સેવાઓ પર પ્રભુત્વ મેળવી શકાય તો તે દેશને યુદ્ધ કર્યા વિના પણ હરાવી શકાય, તેનો ખ્યાલ યુક્રેનના ઉદાહરણ પરથી આવે છે. ભારત સરકારે પણ રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે સ્ટારલિન્કને ભારતમાં લાઈસન્સ આપવાનો ઇનકાર કર્યો છે.

યુક્રેનના મહત્ત્વપૂર્ણ લશ્કરી સ્ટારલિંક નેટવર્કની ધીમી ગતિ અંગે એક મોટો ખુલાસો થયો છે. વોલ સ્ટ્રીટ જર્નલ (WSJ) એ અહેવાલ આપ્યો છે કે સ્પેસએક્સના સ્થાપક એલોન મસ્કે જાણી જોઈને ધીમી ગતિનો આદેશ આપ્યો હતો. ધીમી ગતિએ યુક્રેનમાં ચિંતા ફેલાવી હતી, જે રશિયન હવાઈ હુમલાનો સામનો કરવા માટે ઇન્ટરનેટના નેટવર્ક પર ખૂબ આધાર રાખે છે. નોંધનીય છે કે અમેરિકા સ્ટારલિંક એક્સેસમાં ધીમી ગતિથી અજાણ હતું. ઝેલેન્સ્કીના ખુલાસાએ ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રને આશ્ચર્યચકિત કરી દીધું છે.મંગળવારે સંરક્ષણ સચિવ પીટ હેગસેથે નકારી કાઢ્યું હતું કે યુક્રેનમાં ઉપયોગમાં લેવાતા લશ્કરી-ગ્રેડ સ્ટારલિંક સેટેલાઇટ નેટવર્ક પર કોઈ ઘટાડો અથવા પ્રતિબંધોનો આદેશ અમેરિકાએ આપ્યો છે. પત્રકારો સાથે વાત કરતાં હેગસેથે ભારપૂર્વક જણાવ્યું હતું કે અમેરિકન સૈન્યે સેટેલાઇટ સેવામાં કોઈ ફેરફારનો આદેશ આપ્યો નથી. જો અમેરિકન સરકાર ખરેખર સ્ટારલિંકની ગતિ ધીમી કરવા બાબતમાં અજાણ હોય તો માનવું પડશે કે એલોન મસ્ક જેવા ઉદ્યોગપતિઓ અમેરિકાની સરકાર કરતાં પણ તાકાતવાન બની ગયા છે.

**દૃષ્ટિ પોઇન્ટ ▪ સંજય વોરા ▪**

આજના વિશ્વમાં, યુદ્ધો ફક્ત તોપો અને બંદૂકોથી લડવામાં આવતાં નથી. તેના બદલે, તે ઝડપી સંદેશાવ્યવહાર અને ડેટા દ્વારા જીતવામાં આવે છે. જ્યારે યુદ્ધ દરમિયાન જમીન-આધારિત મોબાઇલ ટાવર અને કેબલ નેટવર્કનો નાશ થાય છે, ત્યારે સ્ટારલિંક જેવું સેટેલાઇટ ઇન્ટરનેટ સૈન્યનો પ્રાથમિક આધાર બની જાય છે. યુક્રેનિયન સૈન્ય તેના સૈનિકો સાથે વાતચીત કરવા, દુશ્મન પર નજર રાખવા અને માહિતી શેર કરવા માટે સંપૂર્ણપણે આ નેટવર્ક પર આધાર રાખે છે. ઝેલેન્સ્કીના મતે જ્યારે સ્ટારલિંક ટર્મિનલ્સની ગતિ અચાનક ઓછી થઈ ગઈ, ત્યારે તેણે આગળની હરોળમાં લડતા સૈનિકોને લાચાર બનાવી દીધા હતા. તેમને ડ્રોન ઉડાવવામાં અને હવાઈ હુમલાઓ સામે રક્ષણ માટે હવાઈ સંરક્ષણ પ્રણાલી ચલાવવામાં નોંધપાત્ર મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. આ દર્શાવે છે કે જો કોઈ દેશની સેના કોઈ ખાનગી કંપનીના નેટવર્ક પર નિર્ભર બને છે, જેની સ્વિચ બીજા દેશ દ્વારા નિયંત્રિત થાય છે તો મોટી મુશ્કેલીની સંભાવના કેટલી છે.

યુક્રેનિયન સૈન્ય રિકોનિસન્સ અને ઇન્ટરસેપ્ટર ડ્રોન ચલાવવા, ગુપ્ત માહિતી એકત્રિત કરવા અને અન્ય યુદ્ધક્ષેત્રમાં પ્રવૃત્તિઓ કરવા માટે સ્ટારલિંક કનેક્ટિવિટી પર આધાર રાખે છે. આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે ઝેલેન્સ્કીએ એલોન મસ્ક પર સ્ટારલિંક સુધી યુક્રેનની પહોંચને પ્રતિબંધિત કરવાનો આરોપ લગાવ્યો. ઝેલેન્સ્કીએ દાવો કર્યો કે આ અવરોધથી લશ્કરી કામગીરી પર અસર પડી છે. અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ સ્પષ્ટતા કરી હતી કે યુક્રેનમાં સ્ટારશિલ્ડના વિક્ષેપો માટે વ્હાઇટ હાઉસ જવાબદાર નથી. સ્ટારલિંક સ્પેસએક્સ દ્વારા સંચાલિત એક વ્યાપારી સેવા છે, જ્યારે સ્ટારશિલ્ડ એ અમેરિકન સરકાર દ્વારા નિયંત્રિત એક અલગ લશ્કરી સિસ્ટમ છે. તે યુક્રેન માટે ઉપલબ્ધ નથી અને તેઓ તેનો ઉપયોગ કેવી રીતે કરવા માંગે છે તે અંગે ચર્ચાઓ ચાલી રહી છે. અમેરિકન સરકાર કદાચ જૂઠાણું ચલાવી રહી છે.

યુક્રેન સાથે જે થઈ રહ્યું છે તે જોતાં ભારત સરકાર સ્ટારલિંક અંગે આટલું કડક અને સાવધ વલણ કેમ અપનાવી રહી છે તે સ્પષ્ટ થઈ જાય છે. એ વાત સાચી છે કે સેટેલાઇટ ઇન્ટરનેટ દેશના દૂરના અને પર્વતીય વિસ્તારોમાં સરળતાથી પહોંચી શકે છે, જ્યાં કેબલ નાખવાનું આજ સુધી શક્ય બન્યું નથી. જો કે, ભારતની રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યૂહાત્મક સ્વતંત્રતા આ સુવિધા કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે.

ખાસ કરીને આપણી સરહદો પરના સંવેદનશીલ વિસ્તારોમાં, સંદેશાવ્યવહાર પ્રણાલીઓ ૧૦૦ ટકા વિશ્વસનીય હોવી જોઈએ. કોઈ પણ વિદેશી ટેકનોલોજી રજૂ કરતાં પહેલાં ભારત ખાતરી કરવા માંગે છે કે ડેટા અને નેટવર્ક પર કોનું સંપૂર્ણ નિયંત્રણ રહેશે. સરકાર એવી શક્યતાનું જોખમ લેવા માંગતી નથી કે વૈશ્વિક તણાવ અથવા રાજકીય દબાણને કારણે દેશના મહત્ત્વપૂર્ણ વિસ્તારોમાં સંદેશાવ્યવહાર અચાનક ખોરવાઈ શકે છે, જેના પર આપણે નજર રાખી શકીએ છીએ. જો કે, આ માટે એલોન મસ્ક ભારત સરકાર પર પ્રચંડ દબાણ લાવી રહ્યા છે.

ટેક્નિકલ રીતે, સેટેલાઇટ ઇન્ટરનેટ અને નેટવર્ક ચલાવતી કંપની તેના પર સંપૂર્ણ નિયંત્રણ ધરાવે છે. તે કંપની પોતાની મરજીથી અથવા પોતાની સરકારના કહેવાથી કોઈ પણ ક્ષેત્રમાં ઇન્ટરનેટની સ્પીડ ઘટાડી શકે છે અને સેવાઓ સંપૂર્ણપણે બંધ કરી શકે છે. જ્યારે કોઈ દેશનું તે ટેકનોલોજી પર સીધું નિયંત્રણ નથી, ત્યારે તેના પર વધુ પડતો આધાર રાખવો એ પોતાના પગ પર કુહાડો મારવા જેવું છે. આ ખતરો ફક્ત સ્ટારલિંક જેવા સેટેલાઇટ ઇન્ટરનેટ પૂરતો મર્યાદિત નથી. વિદેશી ક્લાઉડ સેવાઓ, મોટા ડિજિટલ પ્લેટફોર્મ અને અન્ય તકનીકી સિસ્ટમો પણ સમાન સમસ્યાનો સામનો કરે છે. જો કોઈ વિદેશી કંપની યુદ્ધ અથવા મોટા સંકટ દરમિયાન તેના નિયમોમાં ફેરફાર કરે છે, તો આપણા દેશની રાષ્ટ્રીય સુરક્ષા જોખમમાં મુકાઈ શકે છે.

સ્ટારલિંકની અનોખી વિશેષતા એ છે કે તે જમીન આધારિત કેબલ અથવા મોબાઇલ ટાવર દ્વારા નહીં, પણ અવકાશમાં ઉપગ્રહો દ્વારા ઇન્ટરનેટ પહોંચાડે છે. આનાથી ઇન્ટરનેટ ગામડાંઓ, પર્વતીય પ્રદેશો અને દૂરનાં સ્થળો સુધી પહોંચી શકે છે, જ્યાં મોબાઇલ નેટવર્કનો અભાવ છે.યુક્રેનની ઘટનાએ સ્પષ્ટ કરી દીધું છે કે સેટેલાઇટ ઇન્ટરનેટ આધુનિક સંરક્ષણનો એક મહત્ત્વપૂર્ણ ભાગ બની ગયું છે. તે વિદેશી નિયંત્રણને કારણે વ્યૂહાત્મક જોખમો વધારે છે. ઝેલેન્સ્કીના સલાહકાર સેરહીના જણાવ્યા અનુસાર ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાકથી વધુની ઝડપે મુસાફરી કરતી વખતે સ્ટારલિંકનું ઇન્ટરનેટ હવે ધીમું પડી રહ્યું છે. તેમને શંકા હતી કે આ નિર્ણય વર્તમાન રાજકીય પરિસ્થિતિ સાથે જોડાયેલો હોઈ શકે છે. તેમણે વધુ વિગતો આપી ન હતી.

સ્ટારલિંક પર તેની સેવાને નિયંત્રિત કરવાનો અથવા વિક્ષેપિત કરવાનો આરોપ છે. રશિયન સૈન્યે ગેરકાયદેસર રીતે ડ્રોન પર દાણચોરી કરેલા ટર્મિનલ સ્થાપિત કર્યા હતા. આનાથી તેમના ડ્રોનને જામ થવાથી બચવા અને લાંબા અંતરની ચોકસાઇ હડતાલને સક્ષમ બનાવવામાં મદદ મળી. સ્પેસએક્સે બાદમાં ગેરકાયદેસર રશિયન ઉપયોગને રોકવા માટે પગલાં લીધાં. યુક્રેનિયન હેકર્સે રશિયન સૈનિકોને નકલી સ્ટારલિંક નોંધણી સેવાઓ પણ પૂરી પાડી તેમનાં સ્થાનો જાહેર કર્યાં.

ભારતમાં અગાઉ પણ ગેરકાયદેસર સ્ટારલિંક ઉપકરણો મળી આવ્યાં છે, જેમાં મણિપુરમાં આતંકવાદીઓ પાસેથી, પંજાબ સરહદ પર ડ્રગ દાણચોરીના કેસોમાં અને જહાજો પર મળી આવેલાં ઉપકરણોનો સમાવેશ થાય છે. ઈરાન સંઘર્ષમાં સ્ટારલિંકના ગેરકાયદેસર ઉપયોગના અહેવાલોએ પણ ભારતીય એજન્સીઓમાં ચિંતા ઊભી કરી છે. જો ભારત સ્ટારલિંક પર આધાર રાખે છે, તો સરહદી વિસ્તારો (લદ્દાખ, અરુણાચલ પ્રદેશ, કાશ્મીર) માં સંદેશાવ્યવહાર વિદેશી નિયંત્રણ હેઠળ આવી શકે છે.

યુદ્ધ અથવા તણાવની સ્થિતિમાં સેવા પ્રતિબંધો લશ્કરી સંદેશાવ્યવહારને અસર કરી શકે છે. જો વિરોધીઓ ડ્રોન-આધારિત દેખરેખ અથવા હુમલા માટે સ્ટારલિંકનો ઉપયોગ કરે છે તો ભારતના સૈન્ય દ્વારા તેને જામ કરવું મુશ્કેલ બની શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**જો અમેરિકન સરકાર ખરેખર સ્ટારલિંકની ગતિ ધીમી કરવા બાબતમાં અજાણ હોય તો માનવું પડશે કે મસ્ક જેવા ઉદ્યોગપતિઓ અમેરિકાની સરકાર કરતાં પણ તાકાતવાન બની ગયા છે**

## BUSINESS મિત્ર

# શેરબજારમાં સેલ ઓફ : નિફ્ટી 22600ના સ્તરે પહોંચી

**બજારમાં** સતત ઘટાડાને પગલે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 7.42 લાખ કરોડનું ધોવાણ

**બ્રેન્ટ** ક્રુડનો ભાવ 114 ડોલર પર પહોંચ્યો, યુરોપિયન બજારોમાં ઘટાડા સાથે શરૂઆત

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 23:** મીડલ ઈસ્ટમાં તણાવના પગલે ભારતીય શેરબજારમાં આજે સતત ચોથા સેશનમાં સેલ ઓફ જોવા મળ્યું હતું અને શેરબજારમાં ઘટાડો આગળ વધ્યો હતો. નિફ્ટી ઈન્ટ્રાડેમાં 22400 પોઈન્ટની નીચે સરકી ગયો હતો, જે છેલ્લે 22600 પોઈન્ટ પર સ્થિર જોવાયો હતો. રોકાણકારોની સંપત્તિમાં રૂ. 7.42 લાખ કરોડનું ધોવાણ થયું છે. જેના લીધે બીએસઈ ખાતે લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 451.83 લાખ કરોડ પર પહોંચી ગઈ છે.

રોકાણકારો બજારની દિશા પર વધુ સંકેતો માટે વૈશ્વિક વિકાસ, ક્રુડ ઓઈલના ભાવની હિલચાલ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોના પ્રવાહ અને આગામી કોર્પોરેટ કમાણીની ઘોષણાઓ પર નજીકથી નજર રાખશે.

સેક્ટર વાઈઝ જોઈએ તો મેટલ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને રિયલ્ટી શેરોમાં સૌથી વધુ ઘટાડો નોંધાયો હતો, આજે એનએસઈ ખાતે તમામ સેક્ટોરલ ઈન્ડેક્સ લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

બીએસઈ સેન્સેક્સ 125.56 પોઈંટ એટલે કે 0.17 ટકા ઘટીને 73123.83 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 73766 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 72452 પોઈન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી 87.65 પોઈન્ટ એટલે કે 0.39 ટકા ઘટીને 22600 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22787 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 22372 પોઈન્ટ સુધી તૂટી હતી. બેન્ક નિફ્ટી 638.35 પોઈન્ટ એટલે કે 1.16 ટકા ઘટીને 54287.35 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. ઈન્ટ્રાડેમાં બેન્ક નિફ્ટીએ 54000 પોઈન્ટની સપાટી તોડી હતી.

બીએસઈ ખાતે સાયન્ટ લિ.માં 20.19 ગણા, સ્ટેટ બેન્કમાં 8.32 ગણા, નિપ્પોન લાઈફ એએમસીમાં 6.62 ગણા, જેએસડબલ્યુ ડુયલેક્સ 4.26 ગણા, આવાસ ફાઈ.માં 3.93 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે સાયન્ટ લિ.માં 31.16 ગણા, સ્વીગીમાં 13.76 ગણા, આઈજીઆઈએલમાં 9.94 ગણા, ક્રેડિટ એકસેસ ગ્રામીણમાં 9.64 ગણા અને સેગીલિટી લિ.માં 6.8 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં વેચવાલીનો બોમ્બ ફુટ્યો હતો. ચારેકોર વેચવાલી ચાલુ રહી હતી, જેના લીધે બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 2.10 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 2.68 ટકા ઘટ્યો હતો. માર્કેટ બ્રેડથ નબળું પ્રદર્શન રહ્યું હતું. બીએસઈ ખાતે 934 શેરો વધ્યા હતા, જ્યારે 3483 શેરો ઘટ્યા હતા, જ્યારે 186 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 2.71 ટકા ઘટ્યા હતા. જેમાં હિન્દુસ્તાન ઝીંક, વેદાન્તા એલ્યુમિનિયમ, એનએમડીસી, વેદાન્તા, હિન્દુસ્તાન કોપર, સેઈલ, જિન્દા સ્ટેનલેસ, નેલ્કો, અદાણી એન્ટર અને જેએસડબલ્યુ સ્ટીલ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં ઘટાડા સાથે શરૂઆત થઈ છે, કારણ કે રોકાણકારોએ મીડલ ઈસ્ટના વધતા ભૌગોલિક તણાવ, ક્રુડ ઓઈલના અસ્થિર ભાવ અને ફુગાવા તથા વ્યાજદરો અંગની ચિંતાઓનું મુલ્યાંકન કર્યુ હતું. ડાઉ ફ્યુચર્સ પણ 300 પોઈન્ટથી વધુ ગગડતા આજે અમેરિકન બજારો પણ લાલ નિશાનમાં ખુલવાના સંકેત આપી રહ્યા છે. બ્રેન્ટ ક્રુડનો ભાવ 114 ડોલર પર પહોંચી જતા ઉર્જા સંકટનો ભય વધી રહ્યો છે. રોકાણકારો એઆઈના રોકાણો પરના વળતર તથા કોર્પોરેટ કમાણી ઉપર નજર રાખી રહ્યું છે. એઆઈ ખર્ચની ચિંતા વચ્ચે પણ એશિયન બજારોમાં સુધારાની ચાલ જોવા મળી હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.46 ટકા, કેક 0.51 ટકા અને ડેક્સ 0.67 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.51 ટકા સુધર્યા હતા. જ્યારે સ્ટ્રેટ 0.13 ટકા, હેંગસેંગ 0.73 ટકા, કોસ્પી 0.30 ટકા અને જકાર્તા 0.94 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

### ડોલરમાં મજબૂતાઇ આગળ વધી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 23:** કરન્સી બજારમાં ડોલરમાં સુધારો આગળ વધ્યો હતો. ડોલરની સામે રૂપિયો 11 પૈસા ઘટીને 94.94ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.83ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.67, પાઉન્ડ 126.58, કેનેડિયન ડોલર 67.81, ઓસ્ટ્રેલિયન ડોલર 66.45, જાપાનીઝ યેન 0.6049 અને સીંગાપોર ડોલર 74.17ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.94 રૂ. |
| યુરો | 106.67 રૂ. |
| પાઉન્ડ | 126.58 રૂ. |
| યેન | 0.6049 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -125.56 | 73123.83 |
| નિફ્ટી | -87.65 | 22600.00 |
| બેન્ક નિફ્ટી | -638.35 | 54287.35 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 4.25 | 317.40 |
| અપોલો હોસ્પિટલ | 1.65 | 7730.00 |
| એશિયન પેઇન્ટસ | 0.97 | 2307.00 |
| ટીસીએસ | 0.92 | 2530.00 |
| ઇન્ફોસીસ | 0.04 | 1153.80 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 3.98 | 865.00 |
| અદાણી એન્ટર | 2.86 | 2477.00 |
| જિયો ફાઇનાન્સીયલ | 2.74 | 205.03 |
| ટાટા સ્ટીલ | 2.70 | 167.67 |
| ટીએમપીવી | 2.00 | 264.60 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 3.97 | 317.00 |
| લાર્સન-ટુબ્રો | 1.25 | 3645.00 |
| રિલાયન્સ | 1.19 | 1190.00 |
| ટીસીએસ | 1.00 | 2528.00 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.83 | 11066.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 3.21 | 167.25 |
| અદાણી પોર્ટસ | 3.03 | 1703.00 |
| ટ્રેન્ટ | 2.13 | 2715.85 |
| ટેક મહિન્દ્રા | 1.95 | 1789.40 |
| ભારત ઇલે. | 1.88 | 360.10 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૪.૫ | ૫૦/૩૬ '' | ૧૬૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૧.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૭ |
| ૬૮/૩૬ | ૧૭૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૭૨.૨૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૫.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૬૮.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨.૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૩.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૩૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૮ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૭૦૦ |
| એમ-30 | ૫૬૦૦ |
| એસ-30 | ૫૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૫૦૦ |
| એસ-30 | ૫૪૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૫૯૯૦ |
| તેજાબી સોનું | ૧૪૫૯૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૮૬૯૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૩૦૭૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૫૯૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૯૯૬૦૦ |
| ચાંદી સિક્કા | ૨૦૧૧૦૦ |

# ટ્રસ્ટ રજીસ્ટ્રેશન પાછલી તારીખથી રદ થઈ શકે?

**ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ**

ઈન્કમટેક્સ કાયદા અંતર્ગત ચેરીટેબલ ટ્રસ્ટને લગતા કાયદામાં 1-4-21 અને ત્યારપછીના વર્ષોમાં ઘણા ફેરફારો જોવા મળ્યા છે. 1-4-2022 થી આવેલ અગત્યના ફેરફાર મુજબ કલમ-12AB(4) માં પ્રિન્સીપાલ કમિશનરને ટ્રસ્ટ રજીસ્ટ્રેશન પાછલી તારીખથી કેન્સલ કરવાની સત્તા આપી છે. આ નવા ફેરફારથી કમિશનરને ટ્રસ્ટ રજીસ્ટ્રેશન પાછલી તારીખથી કેન્સલ કરવાની બહુ વિશાળ સત્તા આપવામાં આવી છે. જેમાં વિવિધ પ્રકારના ઉલ્લંઘનો (Violations)નો ઉલ્લેખ છે. આ ઉલ્લંઘનો નીચે મુજબના છે.

1) ટ્રસ્ટના હેતૂ સિવાયના ઉદ્દેશ્ય માટે ખર્ચા કરેલ હોય.

2) મે ધંધાકિય નફા અંગેના સ્ત્રોત દ્વારા ઊભી થતી આવક ટ્રસ્ટના ઉદ્દેશ્યને આનુષાંગિક (Incidental) નહિ હોય તો આવી ધંધાકિય આવક જાવક અંગે અલગથી ચોપડાઓ રાખવામાં આવ્યા નહિ હોય.

3) અંગત ધાર્મિક હેતૂઓ (Private Religious) અંતર્ગત ટ્રસ્ટની આવક ખર્ચવામાં આવે કે જે જાહેર જનતાના લાભાર્થે નહિ હોય.

4) ચોક્કસ કોમ કે ના લાભાર્થે થતાં ખર્ચાઓ

5) ટ્રસ્ટની પ્રવૃત્તિઓ સાચી (Genuine) નહિ હોય અને જે શરતોને આધિન નોંધાયેલ હોય તે મુજબ ચાલતી નહિ હોય.

6) અન્ય કોઈ કાયદા કાનૂન નું ઉલ્લંઘન થયું હોય

7) ટ્રસ્ટના રજીસ્ટ્રેશન ફોર્મમાં જ ખોટી અથવા સાચી નહિ હોય એ માહિતી આપી હોય.

**પાછલી તારીખ થી**

હવે કાયદાની આ કલમ- 12AB (4) આ.વ. 2022-23 અને ત્યારપછીના વર્ષો માટે અમલી હોય બેંગ્લોર ટ્રીબ્યુનલના અમાલા જ્યોતિ વિદ્યા કેન્દ્ર ટ્રસ્ટ વિ.પ્રિ. કમિશનર તથા હ્યુમન વેલ્ફેર ફાઉન્ડેશન વિ. ડેપ્યુટી કમિશનર (દિલ્હી ટ્રીબ્યુનલ) સમક્ષ એ પ્રશ્ન ઉપસ્થિત થયો કે આ .વા. 2022-23 થી રજીસ્ટ્રેશન કેન્સલેશનની આ નવી કલમ મુજબ અગાઉના વર્ષોના રજીસ્ટ્રેશન કેન્સલ થઈ શકે?

બેંચે નોંધ્યુ કે 2018-29 ની પાછલી તારીખથી (Retrospective) રજીસ્ટ્રેશન કેન્સલ થઈ શકે નહિ. બેંચે સુપ્રિમ કોર્ટના ઈસ્મીયાન સ્ટીમશીપ લાઈન્સના ચૂકાદાનો આધાર લીધો જે મુજબ જે તે આકારણી વર્ષમાં અમલમાં હોય તે વર્ષનો કાયદો લાગૂ પડે. સિવાય કે તે વિરૂધ્ધનો આદેશ સ્પષ્ટ અને ગર્ભિત રીતે જોગવાઈમાં હોય.

આ જ વસ્તુ કુમકુમ એન્ડોમેન્ટસના મદ્રાસ હાઈકોર્ટના ચૂકાદામાં સ્પષ્ટ થયેલ છે.

ગુજરાત હાઈકોર્ટ ગુજરાત મેરીટાઈમ બોર્ડના ચૂકાદામાં લખ્યુ છે કે અગાઉની કલમ 12AA(3) મુજબ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ સાચી (Genuine) નહી હોય અથવા ટ્રસ્ટના ઉદ્દેશ્યને અનુરુપ નહિ હોય એ બે કારણોસર જ ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન પાછલી તારીખથી કેન્સલ કરી શકાય. કલમ-12AB(4) કે જે 1-4-2022 થી અમલી બની એમાં અનેક પ્રકારના ઉલ્લંઘનો નો ઉમેરો થયો છે જે અગાઉ ન હતો તેથી એવા કારણોસર ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન પાછલની અસરથી રદબાતલ થઈ શકે નહિ. વળી (B D T)ના પરિપત્ર નં. 11 /2022 તા. 3/6/2022ના ખૂલાસા મુજબ કલમ-12AB (4) આ.વ. 2022-23 થી અમલમાં આવી છે તેથી તે અગાઉના વર્ષ 2018-19 માટે રજીસ્ટ્રેશન રદ થઈ શકે નહિ.

# ભારતના ખાનગી ક્ષેત્રમાં વેગ જોવાયો, ચાર મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યો

**એચએસબીસી** પીએમઆઇ સપ્ટેમ્બરમાં 55.9થી વધીને 56.7 થયો

નવી દિલ્હી, તા. 23: ભારતની ખાનગી ક્ષેત્રની બિઝનેસ એક્ટિવિટીમાં તીવ્ર વધારો થયો હતો અને તે ચાર મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. એચએસબીસી દ્વારા બહાર પાડવામાં વેલા ફલેશ પીએમઆઈ ડેટા અનુસાર વિદેશી બજારોના મજબૂત ઓર્ડર અને સ્થાનિક માગથી મેન્યુફેકચરીંગ અને સર્વિસ સેકટર બંનેને વેગ મળ્યો છે. તે જ સમયે ફુગાવાનું દબાણ પણ હળવું થયું છે. એચએસબીસી ફલેશ ઈન્ડિયા કમ્પોઝિટ આઉટપુટ ઈન્ડેક્સ જે મેન્યુફેકચરીંગ અને સર્વિસ સેકટરની સંયુક્ત પ્રવૃત્તિને માપે છે, તે સપ્ટેમ્બરમાં 55.9થી વધીને ઓકટોબરમાં 56.7 થયો છે. ડેટા અનુસાર મેન્યુફેકચરીંગ અને સર્વિસ સેકટરની કંપનીઓએ બજારની સ્થિતિમાં સુધારો અને નવા ઓર્ડરમાં વધારો નોંધાવ્યો છે. વિદેશી માગ પણ મજબૂત રહી હતી અને નિકાસ ઓર્ડરોએ છેલ્લા છ મહિનામાં સૌથી ઝડપી વૃદ્ધિ નોંધાવી હતી.

એચએસબીસીના ચીફ ઈન્ડિયા અર્થશાસ્ત્રી પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું હતું કે મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ઉત્પાદન અને નવા ઓર્ડરની વૃદ્ધિ સપ્ટેમ્બરના સ્તરની આસપાસ રહી હતી, પરંતુ તેની પાછળનું સૌથી મહત્વનું પાસું નિકાસની માંગમાં વધારો હતો.